સંકલન : ગોંડલિયા પુરણ એ.

# રાવણહથ્થો બનાવનાર ત્રિભોવનદાસ મેવાડા ગુજરાતના એકમાત્ર કલાકાર છે



ગુજરાતના લોકસંગીતમાં ગજથી વાગતા વાજિંત્રામાં એક માત્ર રાવણહથ્થો છે. રાવણહથ્થો ભારતનું પુરાણ વાદ્ય મનાય છે, પરંતુ ભાગ્યે જ રાવણહથ્થો વગાડતા કે બનાવતા લોકો જોવા મળે છે. આપણો આ કલા વારસો લુપ્ત થવાના આરે છે ત્યારે ત્રિભુવનદાસ ગંગારામ મેવાડા સેટેલાઈટ વિસ્તારમાં એક નાનકડા ટેનામેન્ટમાં રહીને ગુજરાતના આ ભવ્ય વારસાને જીવંત રાખવાનું કામ કરે છે. તેમની ઉંમર અત્યારે ૬૬ વર્ષની છે. તેઓ મિસ્ત્રી છે અને ફર્નિચરનું કામ કરતા હતા, પરંતુ અત્યારે તેઓ તંબુરા અને રાવણહથ્થો બનાવવાનું કામ કરે છે. રાવણહથ્થો શબ્દ પુરાણમાંથી આવેલો છે જેને સંસ્કૃતમાં રાવણ હસ્તવીણા તરીકે ઓળખવામાં આવે છે.

ત્રિભુવનદાસ મેવાડા કહે છે કે, ૧૯૮૮માં મારા સાળાને રાવણહથ્થાની જરૂર હી, પણ તેને કોઈ જગ્યાએથી રાવણહથ્થો મળ્યો નહી એટલે તેમણે મને રાવણહથ્થો બનાવવાનું કહ્યું. પછી એકવાર રાવણહથ્થો જોઈને બનાવવાની કોશિષ કરી પરંતુ શરૂઆતમાં હું ત્રણ-ચાર વખથ તેને બનાવવામાં નિષ્ફળ ગયો. અંતે મારી મહેનત અને લગનના કારણે હું રાવણહથ્થો બનાવવામાં સફળ થયો. તેઓ કહે છે કે, રાવણહથ્થો બનાવતી વખથે એક શિલ્પી જેવી ઝીણવટ પૂર્વક કામ કરે છે તેમ રાવણહથ્થો બનાવતી વખતે પણ કુશળતાપૂર્વક કામ કરવું પડે છે. અત્યારે હું ચાર પાંચ દિવસમાં ત્રણ નંગ રાવણહથ્થા બનાવી શકું છું. રાવણહથ્થો બનાવવો એ મહેનતનું કામ નથી પણ કારીગરીનું કામ છે. રાવણહથ્થાનો અવાજ આપણને જેટલો આકર્ષે છે એટલી જ એની બનાવટ અને કલાપૂર્ણતા આપણું ધ્યાન ખેંચે છે.

રાવણહથ્થાના નીચેના ભાગમાં મોટા નાળિયેરની કાચલી પર ચામડું મઢી તેમાં નાનકડો ડંદો બેસાડવામાં આવે છે. કાચલી પર મઢેલાં ચામડાંની ઉપર વાંસની પટ્ટીની ઘોડી રાખી તેના પર સ્ટીલના તાર રાખવામાં આવે છે અને તેને વગાડવા માટે ઘોડાની વાળની કામઠી બનાવવામાં આવે છે. રાવણહથ્થો અત્યંત સાદું લોકવાદ્ય છે. તે બે ફૂટની લંબાઈનો હોય છે. તેને બનાવવા માટે લગભગ ૧૫૦ રૂપિયાનું મટિરિયલ ખર્ચ થાય છે. હું સાવ નજીવી કિંમત ૩૫૦ રૂપિયામાં રાવણહથ્થો બનાવીને વેચું છું. હું છેલ્લા ૧૦ વર્ષથી રાવણહથ્થો બનાવું છું અને અમદાવાદના કિરણ શાહ, નવસારીના વિપુલ મ્યુઝિક અને વલસાડના લક્ષ્મી તબલા આ ત્રણ જગ્યાએથી મને રાવણહથ્થો બનાવવાનો ઓર્ડર મળે છે અને ઘરેથી છૂટક પણ વેચું છું. અત્યારે મારી પાસે ૧૦ નંગ તૈયાર થયેલા રાવણહથ્થા પડ્યા છે. આજે ગણ્યાં-ગાંઠયા કલાકારો જ આ વાદ્યને વગાડે છે. જેમાં તૂરી બારોટ, બોપા અને ભરથરી જાતિના લોકો રાવણહથ્થાના તાલે લોકગીતો અને ભજનો ગાય છે. પરંતુ હવે આ વાદ્ય વગાડનાર કલાકારોની સંખ્યા ઘટતી જાય છે. અને રાવણહથ્થો બનાવનાર કલાકાર તો ભાગ્યે જ જોવા મળે છે. આજે ભરથરી જાતિના લોકો આ વાદ્ય વગાડીને પોતાનું પેટ ભરે છે. પરંતુ હવે પછીના દસ-પંદર વર્ષ પછીના સમયમાં કદાચ રાવણહથ્થો જોવા નહીં મળે. ત્રિભુવનદાસ કહે છે કે આજે ઈલેક્ટ્રોનિક અને ડીઝીટલ ટેકનોલોજીની હરિફાઈને કારણે રાવણહથ્થો વગાડવાની પરંપરા બંધ થતી જાય છે. આજના આધુનિક સાધનો સામે રાવણહથ્થાનો અવકાશ ખૂબ ઓછો થઈ ગયો છે. શરૂઆતના વર્ષે ત્રણ ડઝન (૩૬) રાવણહથ્થા બનાવવાનો ઓર્ડર મળતો હતો, પરંતુ છેલ્લા બે વર્ષથી મંદીને કારણે રાવણહથ્થો બનાવવાનો કોઈ ઓર્ડર મળ્યો નથી. આજે વિદેશના લોકો રાવણહથ્થાને શોપીસ તરીકે રાખવા માટે લઈ જાય છે. ભારતમાં પણ ઘણા લોકો ડ્રોઈંગ રૂમમાં શો પીસ તરીકે રાવણહથ્થાને રાખે છે આ ઉપરાંત માગી ખાનારા લોકો આજે પણ રાવણહથ્થો વગાડીને પોતાનું ગુજરાન ચલાવે છે. આમ ઔદ્યોગિકકરણ, શહેરીકરણ, યાંત્રિકરણ ઉપરાંત નવું શિક્ષણ, નવા મૂલ્યો, નવા વિચારો અને સમાજમાં થઈ રહેલા આધુનિકરણના કારણે ભારતીય સમાજનો આગવો વારસો વિસરાઈ રહ્યો છે. આપણા લોકસંગીતના જે સાધનો છે તે લુપ્ત થઈ રહ્યા છે. ત્યારે ત્રિભુવનદાસ મેવાડા રાવણહથ્થાના વારસાને આજે પણ જીવંત રાખવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. અમદાવાદમાં નહીં કદાચ સમગ્ર ગુજરાતમાં ત્રિભુવનદાસ મેવાડા જ એક એવા કલાકાર છે જે રાવણહથ્થો બનાવે છે.